**<u>ફોજદારી કેસ નં.૨૮૮/૨૦૨૩</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામના ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય બન્ને પક્ષકારોએ આંક–<u>૦૯</u> થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે બન્ને પક્ષકારોને વાંચી સંભળાવતા કબુલ મંજુર રાખેલ છે. આ કામનાં આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૭૯, ૪૧૧, ૧૧૪ મુજબના ગુનાનુ તહોમત છે. જે ક્રી. પ્રો. કોડની કલમ–૩૨૦(૧) અન્વયે સમાધાન લાયક ગુનો હોય, નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**<u>: હુ ક મ :</u>**

ક્રિ. પ્રો. કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે આ કામના આરોપી નં.(૧) મોહમંદ સરફરાઝ ઉર્ફે રાજ મોહમંદ ફારૂક રાજપુત,(૨) મુજજફર ઉર્ફે મુજજુ અખ્તરખાન પઠાણ, (૩)મોહમંદ શરીફનવાઝ ઉર્ફ શેરૂ ઉર્ફે કાલીયા મોહમંદ રજાક અંસારી, (૪) યુસુફ ઉર્ફે ટકલો સ./ઓ. મોહમંદઅલી રાજપુત, (૫) સાદીક સ./ઓ. દિલશાદઅહેમદ મકબુલઅહેમદ રાજપુતનાંઓને તેની સામેના ઈ.પી.કો. કલમ–૩૭૯, ૪૧૧, ૧૧૪ મુજબના ગુનામાંથી નીર્દોષ ઠરાવી છોડી મુંકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪ / ૧૨/૨૦૨૪
સ્થળ :અમદાવાદ

( મનીષ વી. ચૌહાણ )
૨૩માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ સીટી
જજ કોડ નં.જી.જે.૦૧૦૧૫.